# હાદી માસિક

બાળકો અને નવયુવાનો માટે

ઝુલકાઅદ, હીજરી સન ૧૪૩૪,
સપ્ટેમ્બર-ઓક્ટોબર - ૨૦૧૩



معرفت خدا

# બુધ્ધિના ત્રણ ભાગ

રસૂલે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે :-

"બુદ્ધિના ત્રણ ભાગ છે. જે વ્યક્તિમાં આ ત્રણે ભાગ (પ્રકારો) હોય તે વ્યક્તિની બુધ્ધિ જ સંપૂર્ણ છે અને જેનામાં આ ન હોય તેની પાસે બુધ્ધિ છે જ નહીં."

૧. માઅરેફતે ઈલાહી (ખુદાવન્દે આલમની સર્વ શ્રેષ્ઠ અને સંપુર્ણ ઓળખ અને તેનું સંપુર્ણ જ્ઞાન)

ર. અલ્લાહની સંપૂર્ણપણે-સર્વશ્રેષ્ઠ રીતે આજ્ઞાંકિતતા અને બંદગી

3. તેની આજ્ઞાઓ (ના પાલન) અંગે ખુબ જ ધૈર્ય ધરવું. (સબ્ર કરવી)

(બિહારૂલ અનવાર - ભા-૧-પા.૧૦૬)

ખુદાની આજ્ઞાઓના પાલનમાં સંપુર્ણ ધૈર્ય ધરવાનો અર્થ પોતાની લાલસાઓ- અભિલાષાઓને પોતાના વશમાં રાખવી એવો થાય છે અને તેને જ "તકવા" (પરહેઝગારી) કહેવામાં આવે છે. કેમકે પોતાની લાલસાઓને વશમાં રાખવા માટે જેટલા ધૈર્યની જરૂર પડે છે તેટલા ધૈર્યની આવશ્યકતા બીજા કોઈ પણ પ્રસંગે પડતી નથી.


E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

ઝુલકાઅદ, હીજરી સન ૧૪૩૪,
સપ્ટેમ્બર-ઓક્ટોબર - ૨૦૧૩


ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :

સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :

અહમદ રઝા ઝુરારહ

તાલીમરઝા અજમેરી

એહસાનઅલી રીઝવી

અનુવાદક :

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા

Mukhtar Abbas Vasaya

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com


## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !  અસ્સલામો અલયકુમ !

તમારું પ્રિય માસિક એટલે કે 'હાદી'એ પાંચ વરસનો પ્રવાસ પૂરો કરી લીધો છે અને આજે તમારા હાથમાં આ સાહીંઠ(૬૦)મો અંક છે.

આ "હાદી માસિક"ની પાંચ વરસની સફર પૂરી થઈ છે તેમાં પરવરદિગારે આલમની દયા અને કૃપા અને હઝરતે માઅસૂમીન (અ.સ.)ની પણ કૃપા દૃષ્ટિ સામેલ રહી છે, નહીં તો અદૃશ્ય સહાયતા વગર આ કાર્ય શક્ય જ નહોતું અને સાથે અસંખ્ય મોઅમેનીનના સહકારે આ કાર્યને આસાન કરી દીધું. ઘણાં મોઅમેનીન ભાઈઓએ અમને પ્રોત્સાહિત કર્યા, સભ્યો બનાવ્યાં, આર્થિક સહાયતા કરી-અમે એ તમામ લોકોના હૃદયપૂર્વક આભારી છીએ.

આ સાહીંઠ(૬૦) અંકોમાં તમને વાર્તાઓ - ટુચકા - દીની જાણકારી અને ઘણીબધી સારીસારી વાતો, એવું ઘણું વાંચવા મળ્યું છે.

અમે તમારા પોતાના 'હાદી' માસિકના વર્ષગાંઠના પ્રસંગે તમને સૌને મુબારકબાદી આપીએ છીએ.

વહાલા બાળકો ! ફક્ત 'હાદી'ના જ પાંચ વરસ પૂરા નથી થયા - તમે પણ એક વરસ મોટા થઈ ગયાં છો અને તેથી તમારી જવાબદારીઓમાં પણ વધારો થઈ ગયો છે.

વહાલા બાળકો ! દિવસો - માસ - વરસ કેટલા ઝડપથી પસાર થઈ જાય છે કે આપણને તેનો ખ્યાલ પણ આવતો નથી અને સમય પસાર થઈ જાય છે. આપણે પોતાના સમયનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવો જ જોઈએ કેમકે પસાર થઈ ગયેલો સમય કદી પાછો મળતો નથી.

વહાલા બાળકો ! આ માસમાં ઈમામતના સિલસિલાની આઠમી કડીની વિલાદત અને શહાદત બંને છે. આપણે વિલાદતની ખુશાલીમાં ખુશીની મહેફીલ અને શહાદતના શોકમાં અઝાદારીની મજલિસમાં જવાનું ભૂલવું જોઈએ નહીં.

ઋતુમાં પણ ફેરફારો થઈ રહ્યાં છે. ઋતુમાં ફેરફારો આરોગ્યની દૃષ્ટિએ ઘણાં મહત્વના હોય છે, તેથી ઋતુના આ ફેરફારોમાં આપણે દરેક પ્રકારે સુરક્ષાની વ્યવસ્થા કરવી જરૂરી છે.

તમે જે રીતે એક વરસ સુધી અમારી સહાયતા કરી છે તે રીતે જ પેઈટીંગ - પત્રો - પોતાના રિઝલ્ટ અને ફોટા મોકલીને અમારી સહાયતા કરવાનો સિલસિલો ચાલુ જ રાખજો.

અને મોઅમેનીનથી ગુઝારિશ છે કે તેઓ પણ આ દીની કાર્ય આગળ વધારવામાં પોતાની પૂરેપૂરી સહાયતા ચાલુ રાખે.

અજરોકુમ ઈલલ્લાહ.

વસ્સલામ


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

વાર્ષિક લવાજમ
રૂા. ૩૦૦/-



# નમાઝનું મહત્વ અને ફઝીલત

નમાઝ વિશે જેટલું પણ લખવામાં આવે અને તે અંગે જેટલું પણ ચિંતન કરવામાં આવે તે પર્યાપ્ત નથી. એ કેવી રીતે શકય છે કે દીન (ધર્મ)નો સ્થંભ ઈસ્લામનો ધ્વજ - તમામ ધર્મો અને નબીઓની યાદગાર અને તમામ આઅમાલ (ઈબાદતો)ની (અલ્લાહની પાસે) સ્વીકૃતિના કેન્દ્ર બિન્દુને થોડા શબ્દોમાં વર્ણવી શકાય !

★ નમાઝ દરરોજ સવાર-સાંજનો અમલ છે. સવારનું સૌ પ્રથમ વાજિબ કાર્ય નમાઝ અને રાત્રીનું અંતિમ વાજિબ કાર્ય નમાઝ છે. એટલે કે દિવસનો પ્રારંભ અને સમાપ્તિ ખુદા એ તઆલાના સ્મરણ સાથે અને ખુદા માટે છે.

★ પ્રવાસમાં હોય કે વતનમાં હોય-જમીન ઉપર હોય કે હવામાં હોય-દરિદ્રતામાં હોય કે





ઘનાઢય હોય - તે દરેક જગ્યા અને પરિસ્થિતમાં નમાઝ વાજિબ હોવાનું રહસ્ય એ છે કે જે પરિસ્થિતિમાં હોય તે પરિસ્થિતિમાં તમે ખુદાના આજ્ઞાંકિત રહો - અન્ય કોઈના નહીં.

★ નમાઝ મુસલમાનોનો એ સક્રિય આદેશ છે કે જેના વડે તેઓ પોતાની માન્યતાઓ, પોતાની વિચારસરણી, પોતાનો પ્રેમ અને પોતાના આદર્શને દર્શાવે છે.

★ નમાઝ એટલે પોતાના આદર્શોનું સુદ્રઢિકરણ અને સમાજના દરેક વ્યક્તિના વ્યક્તિત્વને ખંડિત થવાથી રક્ષણ-જો કોઈ મકાનના બાંધકામમાં વપરાયેલ વસ્તુઓ નબળી હોય તો તે મકાન પડી જાય છે.

★ નમાઝની અઝાન - તૌહીદ (એકેશ્વરવાદ ઐકય)નો એ નાદ (પોકાર) છે કે જે ઈસ્લામના વેરવિખેર સૈન્યને એક હરોળમાં અને એક ધ્વજ તળે એકત્ર થવાનું આમંત્રણ આપે છે, અને તે સઘળા લોકોને (એક) ન્યાય પાળનાર આગેવાન (ઈમામ)ની પાછળ ઊભા કરી દે છે.

★ ઈમામે જમાઅત (નમાઝની જમાઅતમાં આગેવાની કરનાર-દોરનાર) એક જ હોય છે. એ એવી હકીકત દર્શાવે છે કે સઘળી કોમનો ઈમામ પણ એક જ હોવો જોઈએ જેથી કરીને સમાજના તમામ કાર્યોમાં સાતત્ય રહે અને એ તમામ કાર્યો કેન્દ્રીયકૃત રીતે જ થાય.





★ ઈમામે જમાઅતે નમાઝમાં સૌથી નબળી વ્યક્તિની પણ કાળજી લેવી જોઈએ. જેથી કરીને તેનાથી એવો સંદેશો પ્રસરે કે સામાજીક કાર્યોમાં પણ નિર્ણય લેતી વખતે નબળા અને અશક્ત વર્ગની કાળજી લેવી જરૂરી છે. પયગમ્બરે અકરમ સ.અ.વ.એ નમાઝની સ્થિતિમાં કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળ્યો તો આપ સ.અ.વ.એ નમાઝને ઝડપથી સમાપ્ત કરી દીધી જેથી કરીને તે બાળકની માતા નમાઝે જમાઅતમાં સામેલ હોય તો તે જલ્દીથી પોતાના બાળકને શાંત કરાવી શકે. (બિહારૂલ અનવાર - ભા-૮૮, પા. ૪૧-૯૩)

★ મનુષ્યની ઉત્પત્તિ પછી (અલ્લાહની) સૌથી પ્રથમ આજ્ઞા સજદાની હતી. અલ્લાહ એ ફરિશ્તાઓને આદેશ આપ્યો હતો કે "આદમને સજદો કરો" (સૂરએ બકરહ-આયત-૩૪)

★ પૃથ્વીનો ભાગ કે જે સૌથી પ્રથમ પાણીમાંથી બહાર આવ્યો (મક્કા અને કાબા) અને જમીન બન્યો તે ઈબાદતનું સ્થાન નિશ્ચિત થયેલ છે. (આલે ઈમરાન - ૯૬)

★ મદીના મુનવ્વરામાં પ્રયાણ (હિજરત) કર્યા પછી પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. એ જે કાર્ય સૌથી પહેલા કર્યું તે મસ્જિદના નિર્માણનું કાર્ય હતું.

★ નમાઝ "અમ્ર-બિલ-માઅરૂફ" પણ છે અને "નહીં અનિલ-મુન્કર" પણ છે. કેમકે આપણે દરરોજ અઝાન અને અકામતમાં "હય્યા-અલ-સ્સલાત" - "હય્યા-અલલ-ફલાહ" - "હય્યા અલા ખેરિલ અમલ" કહીએ છીએ.



આ વાક્યો કહેવા તે "સૌથી મહાન કાર્ય - નમાઝ"ની આજ્ઞા છે.

અને એ પણ હકીકત છે કે નમાઝ મનુષ્યને દરેક પ્રકારની બુરાઈઓથી રોકે છે. (અન્કબૂત - આયત - ૪૫)

નમાઝ એક એવી સ્થિતિ છે કે જેની પ્રેરણા અલ્લાહને ઓળખવા અને તેના ઉચ્ચતમ સ્થાનથી પરિચિત થવાથી ઉદ્‌ભવે છે ખુદાવન્દે આલમની એક એવી ઓળખ કે જેના કારણે આપણે તેની આજ્ઞા પાલન માટે તેના માટે અને તેના પ્રત્યેના આપણાં પ્રેમને કારણે (નમાઝ અદા કરવા માટે) ઉભા થઈ જઈએ છીએ. અને તેથી કુરઆને કરીમમાં સમજ શક્તિ અને વિચાર શક્તિ નષ્ટ પામી હોય અને આળસની સ્થિતિ હોય તે સ્થિતિમાં નમાઝ પઢવાની મનાઈ ફરમાવવામાં આવી છે. કેમકે આપણે નમાઝમાં જે કાંઈ પણ પઢીએ તે સંપુર્ણ હોશ-હવાસમાં, સંપુર્ણ સમજણ શક્તિ સાથે અને શું પઢીએ છીએ તેની સંપુર્ણ જાણકારી સાથે નમાઝ અદા કરતાં હોઈએ. (નિસાઅ - આયત - ૪૩ અને આયત-૧૪૨)





E-mail : hadimasik@yahoo.com



# આપણાં શીઆઓના અકીદાઓ

(હપ્તો-૮)

૧. આપણે શીઆઓ એવો અકીદો (દઢ ધાર્મિક માન્યતા) રાખીએ છીએ કે નબીએ અકરમ હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.એ અલ્લાહની આજ્ઞાથી અલી અ.સ. પછી અગ્યાર ઈમામ નિયુક્ત ફરમાવ્યાં છે. તેથી હઝરત અલી અ.સ. સાથે કુલ બાર ઈમામ છે. અને તેરની સંખ્યા વિશે નબીએ અકરમ સ.અ.વ.ની હદીસોમાં ઈશારો છે અને એવું પણ વર્ણન છે કે આ બધાંનો સબંધ કુરૈશના કબીલા સાથે હશે. બુખારી અને મુસ્લીમ બંન્નેમાં (અહલે સુન્નતની હદીસોના બે પ્રમાણભૂત પુસ્તકો) રસુલે ખુદાની આ હદીસ વર્ણવવામાં આવી છે કે "નિઃશકપણે ઈસ્લામ ત્યાં સુધી પ્રભુત્વશાળી કાયમ અને શકિતશાળી રહેશે, જયાં સુધી તેના બાર આગેવાનો (અમીર) અથવા બાર ખલીફાઓ હશે. અને આ બધાં કુરૈશના કબીલામાંથી હશે. (કેટલીક પ્રતોમાં "બની હાશિમમાંથી હશે." તેવો પણ ઉલ્લેખ છે.) તેવી જ રીતે હદીસોના છ પ્રમાણભૂત પુસ્તકો (સહાએ સિત્તા) ઉપરાંત ફઝાઈલ મનાકીબ-કવિતા અને સાહિત્યના પુસ્તકોમાં આ મહાનુભાવોના નામોનું પણ વર્ણન છે.

અમો શીઆઓનો જાઅફરી ફિરકો આ અકીદો રાખે છે કે બાર ઈમામોનો અર્થ-હઝરત અલી-ઈબ્ને-અબી તાલીબ- (જે રસુલે ખુદા સ.અ.વ.ના કાકાનાં દીકરા - પિતરાઈ ભાઈ અને આપની સુપુત્રી ફાતેમા ઝેહરા સલા.ના પતિ છે તે) અને હસન અ.સ. અને હુસૈન અ.સ. (જેઓ અલી અ.સ. અને ફાતેમા સલા.ના



E-mail : hadimasik@yahoo.com



સુપુત્રો અને રસુલે ઈસ્લામ સ.અ.વ.ના દોહિત્ર છે.) અને ઝૈનુલ આબેદીન અલી-બીન-હુસૈન અ.સ. (અસ્સજજાદ) અને તેમના પછી તેમના વંશજો ઈમામ મુહમ્મદ-બિન-અલી અ.સ. (અલ બાકિર) ઈમામ જાઅફર-બિન-મુહમ્મદ અ.સ. (અસ-સાદિક) ઈમામ મુસા-બિન-જાઅફર અ.સ. (અલ-કાઝિમ) ઈમામ અલી-બિન-મુસા અ.સ. (અર-રિઝા) - ઈમામ -મુહમ્મદ-બિન-અલી અ.સ. (અલ-જવાદ-અલ-તકી) ઈમામ અલી-બિન-મુહમ્મદ અ.સ. (અલ હાદી) ઈમામ હસન-બિન-અલી અ.સ. (અલ-અસ્કરી) ઈમામ મુહમ્મદ-બિન-અલ-હસન-અજ. (અલ મહદી-અલ મુન્તઝર) છે.

૩. તેઓજ એ એહલેબૈત છે. જેમને રસુલે ખુદા સ.અ.વ.એ ખુદા તબારક-વ-તઆલાની આજ્ઞાથી ઉમ્મતે ઈસ્લામના આગેવાનો-માર્ગદશકો નિયુક્ત કર્યા છે. કેમકે આ હઝરાત સઘળી નબળાઈઓ, ભુલો અને ગુનાહોથી પાક (રક્ષિત) અને માઅસુમ છે. આ લોકો જ પોતાના પિતામહ (જદ એટલે કે રસુલે ખુદા સ.અ.વ.)ના વિશાળ જ્ઞાન ભંડારનાં વારસ છે. આ લોકોના પ્રેમ અને તેમનાં જ અનુસરણની આજ્ઞા આપવામાં આવી છે. (સૂરએ-શૂરા-આયત.૨૩)

"હે રસુલ! આપ (આ લોકોને) કહી દો કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસેથી કોઈ મહેનતાણું નથી માંગતો પરંતુ (એટલુ જ કે) મારા નિકટના સગાવહાલાઓ સાથે પ્રેમ કરો" અને સૂરએ તૌબા આયત-૧૧ માં છે કે "હે ઈમાન લાવનારાઓ, પરહેઝગારી અને સદ્ચારિત્ર ધારણ કરો અને સાચાઓ સાથે થઈ જાઓ. (ક્રમશઃ)





# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન :- એવું શું કરવું જોઈએ કે જેનાથી આપણાં અંદરનો અંતરઆત્મા અને મનની શક્તિઓ મહાન બને અને આપણી પાત્રતામાં વૃધ્ધિ થતી રહે ?**

જવાબ :- હઝરત અલી અ.સ.એ જનાબ હમામ નામના પોતાના એક ચાહવાવાળાને ફરમાવ્યું કે "તેમના અંતરઆત્મામાં ખુદાવન્દે આલમની મહાનતા અને બુઝુર્ગી વધારે પ્રમાણમાં છે. તેથી તેમને બીજાઓ વામણાં લાગે છે."

જ્યાં સુધી આપણે પૃથ્વી ઉપર હોઈએ છીએ ત્યાં સુધી આપણને જમીનનો એક હેકટરનો ટુકડો પણ મોટો લાગે છે. પરંતુ જ્યારે આપણે વિમાનમાં ઉપર આકાશમાં વિહાર કરતા હોઈએ ત્યારે પૃથ્વી આપણને વામણી લાગવા લાગશે.

જો આપણે બેન્કના વોલ્ટમાં રાખેલા પૈસા નોટોની થોકડીઓ જોઈએ તો આપણને આપણા પૈસા ખુબ જ ઓછા લાગશે.

જો આપણે જગતની તમામ સૃષ્ટીની તસબીહનો વિચાર કરીએ તો આપણે આપણાં અમુક સંખ્યામાં કહેલ સુબ્હાનલ્લાહ - અલ્હમ્દોલિલ્લાહની તસ્બીહ તદ્દન ઓછી જણાશે.




આપણે જો જગતના વિશાળ પુસ્તકાલયો અને મહાન પુસ્તકો વિશે



વિચારીએ તો આપણને આપણું જ્ઞાન તદ્દન સિમિત અને મર્યાદિત જણાશે.

જ્યારે ઈમામ સજ્જાદ અ.સ.ને પુછવામાં આવ્યું કે "આપ આટલા મોટા પ્રમાણમાં ઈબાદતો શા માટે કરો છો ?" તો આપે ફરમાવ્યું "મારી આ ઈબાદતો ક્યાં અને હઝરત ઈમામ અલી અ.સ.ની. ઈબાદતો ક્યાં ?"

ખુદાવન્દે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે કે "હે મારા વ્હાલા હબીબ સ.અ.વ. આપ અગાઉ થઈ ગયેલા અંબિયા અને મુર્સલીને વેઠેલી કઠીનાઈઓ અને તકલીફોને યાદ કરીને સબ્ર કરો. જેથી કરીને આપ સ.અ.વ.ની કઠીનાઈઓ અને મુશ્કેલીઓ આપને સરળ લાગે. (સૂરએ - અહકાફ - ૪૧)

જો આપણે માર્ગમાં ચાલતી વખતે પાછળ જોઈશું તો આપણે અભિમાની થઈ જઈશું. કે આપણે કેટલો લાંબો માર્ગ કાપી નાંખ્યો. પરંતુ મનુષ્યે આગળ જોવું જોઈએ. જેથી આગળ ચાલવા અને આગળ વધતા રહેવાની પ્રેરણા મળતી રહે.





# દેવાનો ભાર

અબૂમુહમ્મદ ગફ્ફારીએ કહ્યું છે કે "મારા ઉપર દેવાનું ભારણ વધી ગયું હતું. મેં મનમાં કહ્યું "આ દેવામાંથી મુક્ત થવા માટે આકા અને મૌલા હઝરત ઈમામ રિઝા અ.સ. પાસે સહાયતા માંગવા સિવાય બીજો કોઈ માર્ગ નથી." જ્યારે સવાર થઈ ત્યારે હું ઈમામ અ.સ.ના ઘરે પહોંચ્યો અને પરવાનગી લઈને ઘરમાં પ્રવેશ્યો. હું જ્યારે ઈમામ અ.સ.પાસે પહોચ્યો ત્યારે ઈમામ અ.સ.એ મને જોઈને ફરમાવ્યું "હું તારી જરૂરીયાતથી વાકેફ છું, તારે મુંઝાવાની જરૂર નથી. તારું દેવું હવે મારી જવાબદારી છે." દિવસ પસાર થયો. રાત્રી થઈ ત્યારે રાત્રી ભોજન પછી ઈમામ અ.સ.એ ફરમાવ્યું "રાત્રે અહિંયા જ રોકાવું છે કે જવું છે !" મેં અરજ ગુજારી "મૌલા ! જો આપ મારી યાચના પૂર્ણ કરી દો તો મારી ઈચ્છા અહિંયાથી ચાલ્યા જવાની છે."



E-mail : hadimasik@yahoo.com




આ સાંભળીને આપ અ.સ.એ એક મુઠ્ઠી ભરીને સિક્કા ઉપાડયા અને મને આપી દીધા.

હું તે રકમ લઈને દીવા પાસે ગયો અને જોયું કે તે લાલ અને પીળા રંગના દીનાર હતાં. મેં એક દીનાર ઉપાડીને જોયું તો તેના ઉપર લખેલું હતું. “હે અબૂ મુહમ્મદ ! આ ૫૦ દીનાર છે. આમાંથી ૨૬ દીનાર આપીને તું તારૂ દેવું ચુકતે કરી દેજે અને બાકીના ૨૪ દિનાર તારા કુટુંબના ભરણપોષણના કામે વાપરજે.”

મેં સવારે જ્યારે તે દીનારોને ફરી જોયા તો પચાસ નંગ દીનાર તો હતા પરંતુ તેમાંથી તે લખેલો દીનાર ગાયબ થઈ ગયેલો હતો.

(ઉયૂનુલ અખબાર - રિઝા - ૨/૨૧૮)

**શું તમે પણ કોઈ મોમીનને તેના દેવામાંથી મુક્તિ અપાવી છે !!!**

# અત્યાચાર પીડિતની તરફદારી




અલી-બિન-જરીર એ વર્ણન કર્યું છે કે હું એક દિવસ ઈમામ જવાદ અ.સ.ની. સેવામાં બેઠેલો હતો. આપ અ.સ.ના ઘરમાંથી એક ઘેટું ખોવાઈ ગયું હતું. ઈમામ અ.સ.ના પાડોશીઓમાંથી એકને પકડીને આપ અ.સ.ની સમક્ષ લાવવામાં આવ્યો.

ઈમામ અ.સ.એ ફરમાવ્યું "તમારા ઉપર ફિટકાર હજો ! આને છોડી દો-આણે ચોરી નથી કરી. ફલાણા વ્યક્તિને ઘેર જાવ અને તેના ઘરમાંથી ઘેટુ લઈ આવો."





E-mail : hadimasik@yahoo.com



જ્યારે લોકો તે વ્યક્તિને ઘરે ગયાં તો ઘેટું ત્યાં જ હતું. ઘેટાની સાથે તે વ્યક્તિને પણ ચોરીના આરોપ તળે પકડીને લઈ આવવામાં આવ્યો અને તેના કપડા પણ ફાડી નાંખ્યા, તે બાપડો વારંવાર ફરિયાદ કરતો રહ્યો કે “મેં તો ઘેટાને જોયું પણ નથી.”

તે વ્યક્તિને જ્યારે ઈમામ અ.સ.ની સેવામાં લાવવામાં આવ્યો ત્યારે ઈમામ અ.સ.એ ફરમાવ્યું “ઘેટું તો પોતાની મેળે જ તેના ઘરમાં ઘુસી ગયું હતું. આ બાપડાને તો તેની જાણ પણ નથી.” તે પછી ઈમામ અ.સ.એ તેને સાંત્વના આપી અને તેના કપડા ફાડી નાંખવામાં આવ્યા હતાં અને તેનું અપમાન પણ કરવામાં આવ્યું હતું તેથી તેને અમુક રકમ પણ આપીને એને જવા દીધો.

(બિહારૂલ અનવાર - ભા.૫૦-૪૭ પ્રકરણ ૨૬- હદીસ - ૨૨)

શું તમે પણ કોઈને અપમાનીત થવામાંથી બચાવ્યો છે, અને અપમાનિત થવાના પ્રસંગે તેને સાંત્વના આપી છે !!!



# ઈસ્લામી ચિકિત્સાશાસ્ત્ર રીંગણ

પયગમ્બરે અકરમ સ.અ.વ. એક દિવસ જનાબ જાબિરના ઘરે તશરીફ લાવ્યા હતાં. ત્યાં આપની સમક્ષ રીંગણ મુકવામાં આવ્યું તો આપ તે ખાવા લાગ્યાં. ત્યારે જાબિરે કહ્યું "આ ગરમ પ્રકૃતિ ધરાવે છે "આપ સ.અ.વ.એ ફરમાવ્યું "હે જાબીર ! આવું નથી. એ રીંગણનો જ છોડ હતો જે ખુદા ઉપર સૌથી પ્રથમ ઈમાન લાવ્યો હતો. આને પાણીમાં બાફો-અને રાંધો - પછી તેલમાં તળીને પોચુ કરો. આનાથી બુધ્ધીચાતુર્યના ગુણોમાં વધારો થાય છે."

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે રીંગણ ખાવાનું રાખો, કારણ કે તે દર્દશામક છે. દર્દ દાયક નથી." (કિતાબુદદાઅવાત).



ઈમામે સાદિક અ.સ.થી રિવાયત છે કે ઈમામ સજ્જાદ અ.સ. પાસે તેલમાં તળેલું રીંગણું લાવવામાં આવ્યું. આપની આંખો દુખતી હતી, આપ તે રીંગણ ખાવા લાગ્યા. કોઈએ કહ્યું "હે પયગમ્બરે અકરમ સ.અ.વ.ના



E-mail : hadimasik@yahoo.com



ફરઝન્દ ! આપ રીંગણ આરોગી રહ્યા છો, આની પ્રકૃતિ તો ખુબ જ ગરમ હોય છે. આપ અ.સ.એ. ફરમાવ્યું "શાંત થઈ જા ! મારા બાબા એ મારા દાદાથી રિવાયત કરી છે કે રીંગણા જમીનમાંથી ઉગવાવાળી એવી વસ્તુ છે કે જ્યાં પણ પડી જાય છે ત્યાં અસર કરે છે અને તેને સારી અને સુંગધિત કરી દે છે." (તિબ્બે અઈમ્મા)

ઈમામે સાદિક અ.સ. ફરમાવે છે કે ખજુર તોડવાના દિવસોમાં રીંગણા વધારે ખાવાનું રાખો એટલા માટે કે આ દરેક બીમારીનું ઔષધ છે. ચહેરાના ચળકાટને વધારે છે અને રક્તવાહીનીઓને નરમ બનાવે છે.





# દુઆ કબૂલ થવાની શરતો

## અત્યંત નમ્રતા અને અંતરના ઉડાંણમાંથી હૃદયપૂર્વક પ્રાર્થના કરવી.

મનુષ્ય પોતાની દુઆ ખુદાવન્દે આલમની બારગાહમાં કબૂલ કરાવવાની ઈચ્છા રાખતો હોય તો તેણે અત્યંત વિનમ્રતાથી અંતરના ઉડાંણથી હૃદયપુર્વક અને રડમસ મનથી પ્રાર્થના કરવી આવશ્યક છે. અને હૃદયપુર્વક રડવાની સ્થિતિમાં આવી જવું અત્યંત જરૂરી છે. કેમકે જ્યારે મન રૂદનની સ્થિતિમાં આવી જાય છે ત્યારે તે સ્વચ્છ - પવિત્ર થઈ જાય છે અને અલ્લાહ અને તેના બંદાની વચ્ચે રૂકાવટ થતી તમામ અડચણો દુર થઈ જાય છે. અને તેવી સ્થિતિમાં બંદો પોતાના પાલનહારનું સામિપ્ય પ્રાપ્ત કરે છે.

આમ દુઆ કરતી વખતે અને અલ્લાહની પાસે યાચના કરતી વખતે મન રૂદનની સ્થિતિમાં આવી જાય તે ખુબજ અસરકારક હોય છે અને દુઆ કરતી વખતે અલ્લાહ તબારક-વ-તઆલાની બારગાહમાં અત્યંત તુચ્છ અને તદ્દન નગણ્ય વ્યક્તિ તરીકે હાજર થવું તે પણ રિવાયતોમાં આવ્યું છે.





E-mail : hadimasik@yahoo.com

અહમદ-બિન-ફહદઅલીએ પોતાની કૃતિ (અદ્દ-તુદ-દાઈ)માં લખ્યું છે કે જ્યારે રસૂલે ખુદા સ.અ.વ. (અલ્લાહની બારગાહમાં યાચના કરવા માટે) રડમસ થઈ જતાં હતાં ત્યારે આપ સ.અ.વ.ની એવી જ સ્થિતી થઈ જતી હતી કે જે સ્થિતિ એક ભીખારીની ખાવાનું માંગતી વખતે થાય છે.

(અદ-તુદ-દાઈ-પા.૧૩૯ - વલ-જાલિસ-લિલ-મુફીદ પા.૨૨)

રિવાયતમાં એવું વર્ણન મળે છે કે જ્યારે અલ્લાહએ જનાબ મૂસા અ.સ. ઉપર વહી નાઝિલ ફરમાવી કે મારી બારગાહમાં એવા અત્યંત તુચ્છ અને નગણ્ય દાસની જેમ હાજર થાવ કે જે પોતાના માલિકની સામે અત્યંત તુચ્છ અને નગણ્ય હોય છે. કેમકે જ્યારે દાસ એવી રીતે હાજર થઈને યાચના કરે છે ત્યારે જ તેનો માલીક તેના ઉપર દયા-કૃપા કરે છે અને હું (તો) સૌથી વધારે દયા-કૃપા કરવાવાળો અને સર્વશક્તિશાળી છું. (અદ-તુદ-દાઈ-પા.૧૩૯)

જ્યારે અંતર આત્મા રડમસ થઈને અલ્લાહની બારગાહમાં હાજર થાય છે ત્યારે અલ્લાહની રેહમત (દયા-કૃપા) નાઝિલ થાય છે, અને મનુષ્યે આ સમયને બહુમુલ્ય સમય ગણવો જોઈએ કેમકે તે સમયે જ અલ્લાહની અસીમ રહેમત (દયાકૃપા) નાઝિલ થાય છે.





અલ્લાહની રહેમત નાઝિલ થવા માટેનો કોઈ ખાસ સમય કે કોઈ મર્યાદિત સમય નક્કી નથી. પરંતુ અલ્લાહની રેહમતને પાત્ર થવાનો અને તેની રહેમતને સત્કારવાનો સમય મર્યાદિત હોય છે. અને જ્યારે અલ્લાહની બારગાહમાં યાચના કરતી વખતે તેના હૃદયમાં-અંતરમાં રૂદનની પરિસ્થિતિ ઉત્પન્ન થાય તેજ આ મર્યાદિત સમય છે અને તે સમયે જ તે ખરા અંતરપૂર્વક અલ્લાહની રહેમતને સત્કારવાની પરિસ્થિતિમાં આવી જાય છે (આ સમયે જ તે અલ્લાહની રેહમતને પાત્ર બને છે.)

રસુલુલ્લાહ સ.અ.વ.થી રિવાયત છે કે અલ્લાહ પાસે યાચના કરતી વખતે મનમાં રૂદનના ભાવ ઉત્પન્ન થાય - હૃદય રડમસ બની જાય તે સમયને બહુમુલ્ય ગણો કારણ કે આ ક્ષણ એ જ ક્ષણ છે જ્યારે રહમત નાઝિલ થાય છે. (બિહારૂલ-અનવાર-ભા-૯૩-પા. ૩૧૩)





"હે અલ્લાહ ! મારાથી રાજી થઈ જા અને જો તું મારાથી રાજી ન થાય તો મને ક્ષમા કરી દે. કેમકે માલીક જો પોતાના દાસથી પ્રસન્ન ન થાય તે સંજોગોમાં પણ તેને માફ કરી દે છે. હે મારા પરવરદિગાર ! હું તારી સમક્ષ કેવી રીતે યાચના કરી શકું કેમકે હું તદ્દન તુચ્છ છું અને તારાથી (તારી દયા-કૃપાથી) કેવી રીતે નિરાશ થઈ શકું કેમકે તું તો પરમદયાળુ છે. (અલબલદુલ-અમીન-પા. ૩૧૬)"

આ પરિસ્થિતિને જ વ્યાકુળતા કહેવામાં આવે છે કે જેમાં દાસ પોતાના માલિક અલ્લાહ સિવાય બીજા કોઈની બારગાહને પોતાના માટે રક્ષણનું સ્થાન ગણતો નથી અને (તેથી જ) તે પોતાની યાચનાઓને અલ્લાહની બારગાહમાં રજુ કરે છે અને દાસ ફક્ત તેની જ (અલ્લાહની જ) યાદમાં ખોવાઈ જાય છે અને અલ્લાહ સિવાય બીજા કોઈનું ધ્યાન નથી ધરતો અને અલ્લાહની યાદમાં જ પરોવાયેલો રહે છે, અને તેના (અલ્લાહના) સિવાય બીજા કોઈનું સ્મરણ નથી કરતો.



# ઝુલકાઅદ માસની ઘટનાઓ




**૧-ઝુલકાઅદ :** (૧) સને ૧૭૩ હિજરીમાં આજના દિવસે સાતમાં ઈમામ અ.સ.ને ત્યાં એક પુત્રીનો જન્મ થયો હતો. જે “માઅસૂમે કુમ”ના નામે પ્રખ્યાત છે. આપને “ફાતમાં કુબરા” પણ કહેવામાં આવે છે.



(૨) સને ૭૦ હિજરીમાં આજના દિવસે જ અશઅસ્સ - બિન -કૈસ નામનો મલઉન જહન્નમમાં ગયો હતો. એના વિશે આપણાં છઠ્ઠા ઈમામ અ.સ. ફરમાવે છે કે આ વ્યક્તિ ઈમામ અલી અ.સ.ને કત્લ કરવામાં શામેલ હતો. તેની દીકરી ‘જેઅદા’એ ઈમામ હસન અ.સ.ને ઝેર આપ્યું હતું અને તેનો ‘મુહમ્મદ’ નામનો પુત્ર કરબલામાં ઈમામ હુસૈન અ.સ.ના કત્લમાં સામેલ હતો.



**૯-ઝુલકાઅદ :** જનાબ મુસ્લિમ અ.સ.એ આજના દિવસે કુફાથી ઈમામ હુસૈન અ.સ.ને પત્ર લખ્યો હતો અને કૂફા આવવા આમંત્રણ આપ્યું હતું કેમકે ત્યારે ઈમામ હુસૈન અ.સ.ના નામે ૧૮ હજાર લોકોએ ‘બયઅત’ (પોતાની વફાદારીના સોગંદ) કરી લીધી હતી.



**૧૧-ઝુલકાઅદ :** સને ૧૪૮ હિજરીમાં આજના દિવસે ઈમામ રિઝા અ.સ.ની વિલાદત થઈ હતી.



E-mail : hadimasik@yahoo.com



**૨૩-ઝુલકાઆદ :** એક મંતવ્ય પ્રમાણે સને ૨૦૩ હિજરીમાં આજના દિવસે ઈમામ રિઝા અ.સ.ની શહાદત થઈ હતી.



**૨૬-ઝુલકાઆદ :** સને ૧૦ હિજરીમાં આજના દિવસે આપણાં વહાલા નબી સ.અ.વ. પોતાના સાથીઓ (અસહાબ) સાથે અંતિમ હજ અને ગદીરની ઘોષણાં માટે મદીનાથી રવાના થયાં હતાં.



★ ઝુલકાઆદ માસના અંતિમ દિવસે સને ૨૨૦ હિજરીમાં આપણાં નવમા ઈમામ હઝરત જવાદ અ.સ.ને ‘મોઅતસિમ’ નામના ખલીફાએ ઝેર આપીને શહીદ કરાવ્યાં હતાં.




★ આ માસના અંતિમ દિવસે સને ૮ હિજરીમાં ‘હુદૈબિયાહ’ નામના સ્થાને પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. એ કાફરો સાથે સંધિ કરી હતી અને તે કારણે જ તે સંધિને ‘હુદૈબિયાની સંધિ’ (સુલ્હે હુદૈબિયા) કહેવામાં આવે છે.

# અલી અ.સ.નો શીઆ (હપ્તો - નવમો)

ઈબાદતો માટે રાત્રીએ જાગરણ કરનાર :

ઈમામ મુહમ્મદ બાકીર અ.સ. ફરમાવે છે કે..

"હે અબુલ મુકદામ! સતત રોજા રાખવાને કારણે અલી અ.સ.ના શીઆઓના હોઠ સુકાએલા - પેટ અંદર બેસી ગયેલું, રંગ પીળો પડી ગયેલો અને ચહેરો શુષ્ક થઈ ગયેલો હોય છે. જ્યારે રાત્રી પડે છે ત્યારે તેઓ પૃથ્વીને જ પોતાની પથારી બનાવી લે છે અને અશ્રુઓની ધારાઓ સાથે પોતાના કપાળને પૃથ્વી ઉપર મુકી દે છે. તેઓ ઘણી વધુ પ્રમાણમાં નમાઝો અદા કરે છે અને અલ્લાહની કિતાબની તિલાવત કરતા રહે છે. જ્યારે લોકો ખુશી મનાવતા હોય છે ત્યારે તેઓ દુઃખી હોય છે." (બિહારૂલ અનવાર - ભા.૬૫)

(ખિસાલે સુદુક પુસ્તકમાંથી અવતરણ)

મુહમ્મદ સ.અ.વ.અને આલે મુહમ્મદ અ.સ.ના ચારિત્રનું અનુકરણ :-

રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યુ છે કે :-

"બેશક અમારો શીઆ એજ છે કે જે અમારી આજ્ઞાઓનું પાલન કરે અને અમારી દોરવણી પ્રમાણે અમલ કરે અને અમારા ચારિત્રને અપનાવે." (મિઝાનુલ હિકમત - ભા.૫)



# બાલ રોઝેદાર



ફાતેમા ઝહેરા વસાયા
સિહોર. રોઝા-૪



કાશમાણી સકીના
રોઝા-૫



મોહમ્મદ તકી એ. ચારણીયા
રાજુલા. રોઝા-૨૯



સાનીયા
અન્સારઅલી બદામી
રાજુલા. રોઝા-૧૫



સકીના અલીનવાજ
બદામી
રાજુલા. રોઝા-૨૧



સાનીયા ઝહેરા ચારણીયા
રાજુલા. રોઝા-૭



ઈલ્મા ઝેહરા
અહેમદાબાદ. રોઝા-૩૦



હસનૈન રઝા
બદામી
રાજુલા. રોઝા-૨૯



હુસેન મેહદી જાફર હસન
મેતા. રોઝો-૧



ગાઝી
રોઝો-૧



હાદી અલી આમીર હસન
પલસાણીયા
મેતા. રોઝો-૧

E-mail : hadimasik@yahoo.com



# ઈસ્મે આઅઝમની દુઆ

સૈયદ અલીખાન શીરાઝી પોતાના પુસ્તક "કિતાબ કલ્મુત-તૈયબ"માં લખે છે કે "ખુદાવન્દે આલમના  ઈસ્મે આઅઝમ"નો પ્રારંભ "અલ્લાહ" શબ્દથી અને  અંત "હોવા" શબ્દથી છે અને તેના મૂળાક્ષરો ટપકા (નુકતા) વગરના છે. અને તેના ઉપર ઝેર-ઝબર-પેશ જેવા ઉચ્ચારણ સૂચક સંજ્ઞાઓ લગાવવામાં આવે કે ન આવે તો પણ તેના ઉચ્ચારણમાં કોઈ ફેર પડતો નથી. જો કોઈ વ્યક્તિ અલ્લાહના ઈસ્મે આઅઝમને દિવસમાં ૧૧ વખત પડશે (રટણ કરશે) તો તેનું નાનું હોય કે મોટું (સહેલું હોય કે મુશ્કેલ તેવું) કોઈ પણ કામ તેના માટે સરળ થઈ જશે અને તે "ઈસ્મે આઅઝમ" કુરઆને મજીદમાં પાંચ સૂરાઓમાં છે.

૧. સૂરએ બકરહ : "અલ્લાહો-લાઈલાહા ઈલ્લા-હોવલ હૈયુલ-કય્યૂમ" થી લઈને આયતુલકુર્સીના અંત સુધી.

અર્થાત "અલ્લાહ એ માઅબૂદ છે કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ નથી અને તે જીવતો (જીવિત) અને હંમેશા જીવતો રહેનારો છે."

૨. સૂરએ આલેઈમરાન : "અલ્લાહો-લાઈલાહા-ઈલ્લા-હોવલ-હૈયુલ-કૈયૂમ-નઝલા અલ્યકલ કિતાબ...અલખ)"

અર્થાત : અલ્લાહ એ ખુદા છે કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ


E-mail : hadimasik@yahoo.com



(ઈબાદત કરવા લાયક) નથી અને તે જીવતો અને હંમેશા જીવતો રહેનારો છે. (.... ત્યાંથી અંત સુધી)

**૩. સૂરએ-નિસાઅ : અલ્લાહો- લાઈલાહા - ઈલ્લા - હોવા - લેયજમ અનકુમ ઈલાયવમુલ કયામાહ....અલખ**

અર્થાત : અલ્લાહ એ ખુદા છે કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ (ઈબાદત કરવા લાયક) નથી અને તે તમને અવશ્ય કયામતના દિવસે એકત્ર કરશે. ત્યાંથી અંત સુધી.

**૪. સુરએ તા-હા : અલ્લાહો-લાઈલાહા-ઈલ્લા હોવા લહુલ અસ્માઉલહુસ્ના.**

અર્થાત : અલ્લાહ એ ખુદા છે કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ (ઈબાદત કરવા લાયક) નથી અને તે સુંદર-સર્વશ્રેષ્ઠ નામો છે.

**૫. સૂરએ તગાબુન : અલ્લાહો-લાઈલાહા-ઈલ્લા હોવા વ અલલ્લાહે ફલયતવક્કલ મોઅમેનૂન.**



અર્થાત : અલ્લાહ એ ખુદા છે કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ (ઈબાદત કરવા લાયક) નથી અને તમામ મોઅમેનીન એ અલ્લાહ ઉપર જ ભરોસો રાખવો જોઈએ અને તેના પ્રત્યે જ શ્રધ્ધા અને આશા રાખવી જોઈએ.

# એક ગ્રામિણની તૌબા



હઝરત ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે "હઝરત રસૂલે ખુદા સ.અ.વ. કોઈ યુધ્ધ માટે તશરીફ લઈ જઈ રહ્યા હતાં ત્યારે માર્ગમાં એક સ્થળે પોતાના સાથીઓને કહ્યું કે આપણને માર્ગમાં એક એવો વ્યક્તિ મળશે જે ત્રણ દિવસથી શયતાનનો વિરોધ કરી રહ્યો છે. (તેના તાબે થતો નથી.) આપના સાથીઓ અમુક અંતરે ગયા હતાં કે જંગલમાં એક એવા વ્યક્તિને જોયો જે અત્યંત દુર્બળ થઈ ગયેલો હતો. તેની આંખો ઉંડી ઉતરી ગયેલી હતી. તેના હોઠ જંગલનું ઘાસ-લીલો ચારો - ખાવાથી લીલા થઈ ગયા હતાં. આ કાફલાને જોઈને તે વ્યક્તિ આગળ આવ્યો અને તેણે રસૂલે ખુદા સ.અ.વ.ને જોઈને આપ સ.અ.વ. વિશે જાણવા માંગ્યું. આપ સ.અ.વ. ના સાથીઓ (અસહાબ)એ આપ સ.અ.વ.નો તેને પરિચય આપ્યો તો તેણે આગળ વધીને કહ્યું" મને ઈસ્લામની તાલીમ આપો" આપ સ.અ.વ.એ કહ્યું "કહો, અશ્હદો અન-લા-ઈલાહા-ઈલ્લાહ-વ-ઈન્ની રસૂલુલ્લાહ" તેથી એણે બંને શાહદતોનો એકરાર કર્યો. આપ સ.અ.વ.એ ફરમાવ્યું,





પાંચે સમયની નમાઝ પઢજો અને રમઝાનના મુબારક મહીનામાં રોજા રાખજો. તેણે કહ્યું, હું આ સ્વીકારૂં છું. તે પછી આપ સ.અ.વ.એ કહ્યું "હજ કરજો, ઝકાત આપજો અને સમાગમ પછીનું ગુસ્લ (ગુસ્લે જનાબત) કરજો" - તેણે કહ્યું, મેં આ આજ્ઞા સ્વીકારી.

તે પછી આપ આગળ વધી ગયા. તે વ્યક્તિ પણ સાથે થઈ ગયો. પરંતુ તેનો ઉંટ પાછળ રહી ગયો. રસૂલે ઈસ્લામ સ.અ.વ. રોકાઈ ગયા અને આપના સાથીઓ તેને શોધવા નીકળી પડયા. તે લોકોએ એક સ્થળે જોયું કે તેના ઉંટનો પગ જંગલી ઉંદરોના દરમાં ઉતરી ગયો હતો. તેનાથી તે પડી ગયો હતો. સાથે તે વ્યક્તિ પણ પડી ગયો હતો અને તેમની બંનેની ડોક મરડાઈ જવાથી બંને ત્યાંજ મરી પરવાર્યા હતાં.

આપ સ.અ.વ.ને આ સમાચાર આપવામાં આવ્યા તો આપે એક તંબૂ ઉભો કરવા આજ્ઞા કરી અને કહ્યું કે તેને ગુસ્લ આપવામાં આવે. ગુસ્લ પછી આપ સ.અ.વ. પોતે તંબુમાં આવ્યાં અને તેને કફન પહેરાવ્યું. જ્યારે આપ તંબૂમાંથી બહાર આવ્યા ત્યારે (શ્રમને કારણે) આપ સ.અ.વ.ના કપાળ પરથી પરસેવો ટપકતો હતો. આપ સ.અ.વ.એ અસહાબને ફરમાવ્યું, આ ગ્રામિણ વ્યક્તિ ભૂખ્યો જ આ દુનિયામાંથી ગયો છે. આ એક એવો વ્યક્તિ હતો કે જે ઈમાન લાવ્યો હતો અને ઈમાન લાવ્યા પછી તેણે કોઈના ઉપર કોઈ અત્યાચાર નથી કર્યો. અને કોઈ ગુનાહ પણ કર્યો નથી. જન્નતની હુરો જન્નતના ફળો લઈને તેની પાસે આવી અને તેમણે જન્નતના ફળોથી તેનું મોઢુ ભરી દીધું છે. તે પૈકી એક હુર કહે છે કે હે રસુલુલ્લાહ ! મને આ વ્યક્તિની પત્ની બનાવી દો અને બીજી કહે છે, મને આની પત્ની બનાવી દો. (બિહારૂલ અનવાર - ભા.૬૫ - પા.૨૮૨)



# ઈમામ રિઝા અ.સ.ની કેટલીક કરામતો (ચમત્કારો)

- ★ એક વખત હજના પ્રસંગે અબ્બાસી ખલીફા હારૂન ઈમામ રિઝા અ.સ.ને જોઈને ખાનએ કાઅબાના અન્ય દરવાજા તરફ જવા લાગ્યો. આ જોઈને આપે ફરમાવ્યું 'તે લાખ દૂર ભાગવાનો પ્રયત્ન કરે તો પણ (અમારી) કબરો તો એક જ જગ્યાએ (પાસે પાસે) જ બનશે અને છેવટે આવું જ બન્યું.'
- ★ અબૂ ઈસ્માઈલે એવી ફરિયાદ કરી કે તેમને અરબી (અરેબીક) ભાષા નથી આવડતી - તો આપે પોતાનો મુબારક હાથ તેમના હોઠ ઉપર ફેરવી દીધો, તેના ચમત્કારથી અબૂ ઈસ્માઈલ અરબી ભાષાના જાણકાર બની ગયાં.
- ★ એક જમીનદારના પ્રદેશ તરફ જતી વખતે ઈમામ અ.સ.એ પોતાના સાથીઓને જણાવ્યું કે વરસાદથી રક્ષણ માટેની ચીજવસ્તુઓ પોતાની સાથે લઈ લેજો. લોકોએ અરજ ગુજારી, આજકાલ તો ગરમીની ઋતુ છે. વરસાદ ક્યાં છે ? આપે ફરમાવ્યું : મારા કહ્યા પ્રમાણે કરો, અને ખરેખર તેઓ ત્યાં પહોચ્યાં તો વરસાદ ચાલુ થઈ ગયો.



# મુબારકબાદ

**વહાલા બાળકો તેમજ નવયુવાનો !!**
**આપણા "હાદી માસિક"એ પાંચ વર્ષની સફર પુર્ણ કરી લીધેલ છે,**
**તે બદલ આપ સૌ વાચક મિત્રો અને આ સફરમાં સહયોગ આપનાર**
**મોઅમેનીનને મુબારકબાદ પાઠવીએ છીએ...**

**વહાલા વાચકો ! તમને "હાદી માસિક"થી પાંચ વર્ષોમાં શું જાણવા મળ્યું,**
**અને આ મેગેઝીન તમને કેવું લાગ્યું !**
**તમારા બીજા અનુભવો સંક્ષિપ્તમાં લખીને અમને પત્ર દ્વારા**
**અથવા ઈ-મેઈલથી જણાવજો.**

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**




# HADI MASIK

**: Publishers :**

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


